વિપક્ષો ચૂપ, ખુદ શાસકોએ જ વિપક્ષની ભૂમિકા ભજવી, બે બ્રિજ ઓછા બનાવો પણ

# ભેળસેળિયા સામે 'તુકારામ મુંડે' જેવી કાર્યવાહી કરો

**વહીવટી** તંત્રની વાહવાહી જ કરતાં ભાજપના કોર્પો. આ વખતે બોલ્યા

સુરતઃ આજે મળેલી મનપાની સામાન્ય સભામાં વિપક્ષના પાંચ સભ્યો એક પણ રજૂઆત કે સવાલ કરવાને બદલે મોં પર ખંભાતી તાળાં મારીને બેસી રહ્યા હતા, પરંતુ શાસક પક્ષના સભ્યો ઘણાં વર્ષો પછી આક્રમક મૂડમાં જોવા મળ્યા હતા. ભાજપના જ સભ્યોએ વહીવટી કામગીરી, માળખાકીય સુવિધાઓની ખામીઓ અને ગંભીર ગેરરીતિઓ સામે સવાલો ઉઠાવ્યા હતા. ખેલ મહાકુંભમાં સુરતના ખેલાડીઓની ઐતિહાસિક સિદ્ધિને બિરદાવવાની સાથે સાથે શહેરમાં રાજ્યકક્ષાની સ્વિમિંગ સ્પર્ધા યોજવા માટે સુવિધાઓનો અભાવ, પીળા પાણીની સમસ્યા, રસ્તા પરનાં દબાણો, ટ્રાફિક વ્યવસ્થાપન, બ્રિજોની નબળી ગુણવત્તા, ડિજિટલ ફરિયાદોના નિકાલમાં વિલંબ તેમજ ભેળસેળિયાઓ સામે 'તુકારામ મુંડે' જેવી કડક કાર્યવાહી કરવાની માંગ સાથે વહીવટી તંત્રની એક પછી એક પોલ ખોલી હતી.

## ડ્રેનેજ લાઇન પીવાના પાણીની લાઇનથી દૂર રાખોઃ રશ્મિ સાબુ

ભાજપના કોર્પોરેટર રશ્મિ સાબુએ જણાવ્યું હતું કે, શહેરમાં પીવાના પાણી સાથે ગટરનું ગંદું પાણી ભળી જવાની ફરિયાદો સતત વધી રહી છે. તેમણે સૂચવ્યું હતું કે શહેરમાં જ્યારે પણ નવી ડ્રેનેજ લાઇન નાખવામાં આવે ત્યારે પીવાના પાણીની લાઇનથી ચોક્કસ સુરક્ષિત અંતર જાળવવું જોઈએ. આ ઉપરાંત, તેમણે સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્વિમિંગ પૂલમાં મહિલાઓ માટે અલગ બેચ શરૂ કરવાની પણ માંગ કરી હતી.

## ખેલ મહાકુંભમાં મેડલો બદલ અભિનંદન, પણ સુવિધાઓનો અભાવ દુઃખદ : વ્રજેશ ઉનડકટ

ભાજપના સિનિયર સભ્ય વ્રજેશ ઉનડકટે ખેલ મહાકુંભમાં મેડલ મેળવનાર સુરતના રમતવીરોના વખાણ કરવાની સાથે વહીવટી તંત્રની કામગીરી સામે સવાલ ઉઠાવતાં જણાવ્યું હતું કે, શહેરમાં રાજ્યકક્ષાની સ્વિમિંગ સ્પર્ધા યોજવા માટે પણ પૂરતી સુવિધાઓ નથી, જેથી શહેરમાં આંતરરાષ્ટ્રીય કક્ષાનું ક્રિકેટ ગ્રાઉન્ડ અને સ્પોર્ટ્સ સ્ટેડિયમ બનાવવામાં આવે. કોર્પોરેટરોએ પોતાના વિસ્તારમાં પીળા પાણીની ગંભીર સમસ્યા હોવાનું જણાવી દિવાળી પહેલાં લોકોને આ હાલાકીમાંથી મુક્ત કરવા તંત્રને સખત શબ્દોમાં તાકીદ કરી હતી.

## અમુક ઝોનમાં કર્મચારીઓ આકારણીમાં સેટિંગ કરી મનપાને આર્થિક ફટકો મારે છે : ધર્મેશ ભાલાળા

ભાજપના સભ્ય ધર્મેશ ભાલાળાએ આક્ષેપ કર્યો હતો કે, મનપાની આર્થિક કરોડરજ્જુ સમાન આકારણી વિભાગના અમુક ઝોનના કર્મચારીઓ નવા વિસ્તારોમાં બનેલા પ્રોજેક્ટની આકારણી નહીં કરી પાલિકાને કરોડો રૂપિયાનું નુકસાન પહોંચાડી રહ્યા છે. તેમણે પોતે વેસુના વીઆઈપી વિસ્તારમાં નવા મકાનમાં રહેતા હોવા છતાં છેલ્લાં ત્રણ વર્ષથી વેરાબિલ ન આવ્યું હોવાનું ઉદાહરણ આપીને પાલિકાની કામગીરી સામે સવાલો ખડા કર્યા હતા.

## કરંજમાં ગંદકીના ઢગલા અને શાળાની જર્જરિત ઇમારત મુદ્દે મનીષા આહીરે તંત્રનો કાન આમળ્યો

કોર્પો. મનીષા આહીરે જણાવ્યું હતું કે, કરંજ વિસ્તાર કચરાના ન્યૂસન્સને અટકાવવા માટે આવા પોઇન્ટ્સ પર સીસીટીવી કેમેરા લગાવીને આકરો દંડ કરવાની રજૂઆતો બાદ પણ કેમેરો લાગ્યો નથી. ઉપરાંત સહજાનંદ સોસાયટી સ્થિત શાળા ક્રમાંક 270 અને 273માં 200થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે, જેનો 'સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટી રિપોર્ટ' નેગેટિવ આવ્યો છે. આ અંગે શાસનાધિકારી 'ઝોનમાંથી પત્ર આવે તો કામ થાય' તેમ કહે છે, જ્યારે ઝોનના અધિકારીઓ શાસનાધિકારીના પત્રની રાહ જોઈ રહ્યા છે.

## વરાછાને અન્યાય, ઓવરબ્રિજ નીચેની રેલિંગ ધક્કો મારો તો પડી જાય તેવી : મહેશ કાકડીયા

કોર્પો. મહેશ કાકડીયાએ જણાવ્યું હતું કે, વરાછા ફ્લાયઓવર નીચે અત્યંત બિસ્માર હાલત છે. ત્યાં કેટલાક લોકોએ રસોડાં બનાવી દીધાં છે અને રેલિંગ એટલી ભંગાર થઈ ગઈ છે કે સહેજ ધક્કો વાગે તોય પડી જાય તેવી સ્થિતિ હોવા છતાં તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે. આ ઉપરાંત, વિઠ્ઠલનગરથી વરાછા પોલીસ સ્ટેશન સુધી એક વર્ષ પહેલાં ગટર લાઇન નંખાઈ હોવા છતાં આજ દિન સુધી રોડ રિકાર્પેટ કરવામાં આવ્યો નથી. વરાછા બ્રિજના કલરકામની ગુણવત્તા પણ નબળી છે.

## પાંચ વર્ષ બાદ કૉંગ્રેસનું પુનરાગમન નિરર્થક નીવડ્યું, એકમાત્ર કોર્પો. સતત ચોથી સામાન્ય સભામાં મૌન

સુરત મનપાની સામાન્ય સભામાં સૌથી વધુ ધ્યાન ખેંચે તેવી બાબત એ હતી કે વિપક્ષના પાંચેય નગરસેવકોએ એક પણ રજૂઆત કે ફરિયાદ કરી નહોતી. પાંચ વર્ષના વનવાસ બાદ કૉંગ્રેસમાંથી ચૂંટાયેલા એકમાત્ર નગરસેવક અરશદ જરીવાલા સતત ચોથી સામાન્ય સભામાં પણ માત્ર હાજરી પૂરવા આવ્યા હોય તેમ મૌન બેસી રહ્યા હતા. નવા બોર્ડની રચના પછી આ ચોથી સભા હોવા છતાં આજ સુધી કૉંગ્રેસના સભ્યએ પ્રજાનો એક પણ પ્રશ્ન ઉઠાવ્યો નથી.

## તમામ વોર્ડમાં ફૂડ સેફ્ટી મોનિટરિંગ કમિટીની રચના કરોઃઅમિત રાજપૂત

શાસક પક્ષના પૂર્વ નેતા અને ભાજપના સિનિયર કોર્પોરેટર અમિતસિંહ રાજપૂતે શહેરમાં વેચાતી ભેળસેળયુક્ત ખાદ્યસામગ્રી મુદ્દે અધિકારીઓનો ઉધડો લીધો હતો. તેમણે સભામાં જણાવ્યું હતું કે, મહારાષ્ટ્રમાં તુકારામ મુંડે જે રીતે કડક વહીવટ કરી રહ્યા છે, તે જ રીતે જીપીએમસી (GPMC) એક્ટની કલમ 337 મુજબ કડક પગલાં ભરી નિયમિત સમીક્ષા થવી જોઈએ. તમામ વોર્ડમાં 'ફૂડ સેફ્ટી મોનિટરિંગ કમિટી'ની રચના કરી વિભાગીય વડાને રિપોર્ટ સોંપવો જોઈએ. તેમણે ઉમેર્યું હતું કે, એક વર્ષમાં 13,180 પેઢીઓની તપાસ સામે માત્ર 89 સેમ્પલ જ નાપાસ થયા હોવાની વિગત શંકાસ્પદ છે. શહેરમાં ભલે બે બ્રિજ ઓછા બને તો ચાલશે, પરંતુ નાગરિકોના આરોગ્ય સાથે થતી ચેડાં સહન નહીં કરાય. તેમણે ફૂડ સેફ્ટી કમિટીમાં પત્રકારો અને મહિલા પ્રતિનિધિઓને પણ સામેલ કરવાની માંગ કરી હતી.

## વધતા ટ્રાફિકથી નદી પરના બ્રિજ પહોળા કરો : રમેશ બોરડ

બીજી તરફ, અમરોલીથી કતારગામને જોડતો બ્રિજ ખુલ્લો મુકાતાં અંદાજે 15 લાખ લોકોને ટ્રાફિકની સમસ્યામાંથી રાહત મળી હોવાનું કોર્પોરેટર રમેશ બોરડે જણાવ્યું હતું. સાથે જ તેમણે તાપી નદી પર આવેલા સાંકડા બ્રિજ ભવિષ્યમાં ટ્રાફિકની મોટી સમસ્યા ન સર્જે તે માટે અત્યારથી જ આગોતરું આયોજન કરીને તેમને પહોળા કરવાની માંગણી કરી હતી.

## હોટ ફિક્સ મુદ્દે સભા પહેલા વિપક્ષનો પ્લેકાર્ડ સાથે વિરોધ




પુણા વિસ્તાર સહિત સમગ્ર શહેરમાં હોટ ફિક્સના કચરાના વધી રહેલા ઢગલા અને તેના નિકાલની ગંભીર સમસ્યાને લઈને સભા શરૂ થાય તે પહેલાં જ આમ આદમી પાર્ટીના વોર્ડ નંબર 17 ના કોર્પોરેટર ધર્મેશ ભંડેરી અને અન્ય વિપક્ષી સભ્યો દ્વારા હાથમાં પ્લેકાર્ડ રાખીને આક્રમક વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. પ્રદર્શન દરમિયાન આક્ષેપો કરતાં વિપક્ષી કોર્પોરેટરોએ જણાવ્યું હતું કે, ખુદ આરોગ્યમંત્રી અને મ્યુનિસિપલ મેયરના વિસ્તારમાં પણ આ જ ગંભીર સ્થિતિ છે. તંત્ર દ્વારા આ મુદ્દે ઉકેલ લાવવા ટૂંકમાં નક્કર પગલાં ભરવામાં નહીં આવે તો વિરોધ વધુ ઉગ્ર બનશે.

## ખુદ સ્થાયી સભ્ય જ્યાં રહે છે તે પ્રોજેક્ટનું બીયુસી નથી!

**સભ્ય** ધર્મેશ ભાલાળાએ પોતાના ફ્લેટનું વેરાબિલ નહીં આવતું હોવાની કરેલી ફરિયાદ પર તપાસ કરાતા નવો ઘટસ્ફોટ થયો

સુરતઃ સભામાં સ્થાયી સમિતિના સભ્ય ધર્મેશ ભાલાળાએ અઠવા ઝોનના આકારણી વિભાગની પોલ ખોલતાં જણાવ્યું હતું કે, તેઓ પોતે છેલ્લાં ત્રણ વર્ષથી ફ્લેટમાં રહેતા હોવા છતાં આજ દિન સુધી તેમનું વેરાબિલ આવ્યું નથી.

જોકે, આ રજૂઆતની ઊંડાણપૂર્વક તપાસ કરતાં ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે કે ભાલાળા છેલ્લાં ત્રણ વર્ષથી જે 'ડ્રીમ એન્ટેલિયા' પ્રોજેક્ટમાં રહે છે, તેને મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ દ્વારા હજુ સુધી બીયુસી આપવામાં આવ્યું જ નથી.

આથી ભાલાળા સહિત આ પ્રોજેક્ટની વિવિધ વિંગમાં થઈ રહેલો વસવાટ પણ નિયમ મુજબ અનધિકૃત (ગેરકાયદેસર) હોવાનું ફલિત થાય છે. આ પ્રોજેક્ટની કુલ 7 ઇમારતો પૈકી 6નું બાંધકામ પૂર્ણ થઈ ચૂક્યું છે, જ્યારે 1 ઇમારત હાલ નિર્માણાધીન છે.

બિલ્ડર દ્વારા પેઇડ એફએસઆઈની રકમ ભરવામાં આવી ન હોવાથી શહેર વિકાસ વિભાગે નિયમ મુજબ આ પ્રોજેક્ટને પાર્શિયલ બીયુસી પણ આપ્યું નથી. આમ છતાં ભાજપના સભ્ય ભાલાળા સહિત સમગ્ર કેમ્પસની અન્ય ઇમારતોમાં પણ લોકો રહેવા આવી ગયા છે.

# સણીયા હેમાદમાં કોટેજ ઈન્ડ.ની સીલ મિલકતમાં ઘૂસણખોરી સામે ફોજદારી

**વરાછા** ઝોન દ્વારા 15 મિલકતદાર સામે FIR નોંધવા પોલીસને પત્ર

સુરતઃ સણીયા હેમાદ ખાતે ગેરકાયદે રીતે ધમધમતી 15 જેટલી કોટેજ ઈન્ડસ્ટ્રીયલ મિલકતોને અગાઉ સીલ કરી દેવામાં આવી હતી અને તેમની સામે કાયદેસરની કાર્યવાહી પણ શરૂ કરવામાં આવી હતી અને હવે આવા મિલકતદારો સામે પોલીસમાં એફઆઈઆર દાખલ કરવાની પણ કવાયત હાથ ધરાઈ છે. આશ્ચર્યની વાત એ છે કે મનપા દ્વારા સીલ કરાયેલી આ તમામ મિલકતોમાં મિલકતદારો દ્વારા કાયદાને નેવે મૂકીને પાછલા બારણેથી કે ગેરકાયદે રીતે ઘૂસણખોરી કરવામાં આવી રહી છે અને સીલ તોડ્યા વિના જ અંદરના ભાગેથી કોમર્શિયલ પ્રવૃત્તિઓ તથા વેપાર-ધંધા બેરોકટોક ચાલુ રાખવામાં આવ્યા છે. આ ગંભીર બાબત સામે આવતા હવે વરાછા ઝોન દ્વારા આ તમામ 15 મિલકતદાર સામે કાયદેસરનો ગુનો (FIR) દાખલ કરવા માટે સારોલી પોલીસ મથકમાં સત્તાવાર અરજી કરવામાં આવી છે, આગામી દિવસોમાં આ ગેરકાયદે બાંધકામોનું ડિમોલિશન કરવાની પણ મનપાએ પૂરેપૂરી તૈયારી આદરી દીધી છે.

## બે દિવસથી પોલીસ અધિકારી હાજર નહીં હોવાથી FIR નોંધાઈ નથી

વરાછા ઝોનના કાર્યપાલક ઇજનેર મીતા ગાંધીએ જણાવ્યું હતું કે, સીલ મિલકતોમાં ઘૂસણખારી કરનાર મિલકદારો સામે પોલીસ ફરિયાદ દાખલ કરવા માટે સારોલી પોલીસ મથકમાં સત્તાવાર અરજી આપી દેવામાં આવી છે. આ ગેરકાયદે યુનિટો પર વીજળીનો વપરાશ અટકાવવા માટે ડીજીવીસીએલ વિભાગને પણ પત્ર લખીને વીજ કનેક્શન તુરંત કાપી નાખવા માટે રજૂઆત કરવામાં આવી છે. છેલ્લા બે દિવસથી મનપાના અધિકારી પોલીસ સ્ટેશનના સતત ધક્કા ખાઈ રહ્યા છે, પરંતુ સંબંધિત પોલીસ અધિકારી હાજર નહીં હોવાને કારણે હજુ સુધી સત્તાવાર એફઆઈઆર દાખલ થઈ શકી નથી. જોકે, ટૂંક સમયમાં જ પોલીસ કાર્યવાહી પૂર્ણ થતાંની સાથે જ આ તમામ ગેરકાયદે બાંધકામો સામે મોટા પાયે ડિમોલિશનની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવશે.

## દિવાળી આવી રોશની લાવી, રંગબેરંગી કંડીલથી શહેર ઝગમગશે



દિવાળી પર્વ નજીક હોય હાલ બજારમાં વિવિધ અને રંગબેરંગી કંડીલો મળી રહ્યા છે. તે ઘરમાં સકારાત્મક ઉર્જા, સુખ અને સમૃદ્ધિ લાવે છે તેવું માનવામાં આવે છે. દિવાળી એટલે પ્રકાશ પર્વ, આ તહેવારમાં સમગ્ર શહેર રંગબેરંગી રોશનીઓથી ઝગમગી ઊઠશે. **(તસવીરઃ હેમંત ડેરે)**

# 'એમ-પરિવહન'ના ચલણના નામે વેપારી સાથે સાયબર ફ્રોડ

**ભંગારના** વેપારી**એ** નકલી ચલણની લિંક ખોલતા જ ખાતામાંથી ૫૭,૫૭૮ સેરવી લીધા

સુરત : સાયણ રોડ પર રહેતા અને ભંગારનો વેપાર કરતા એક વેપારીને 'એમ-પરિવહન' ના ચલણના બહાને અજાણ્યા ઠગોએ શિકાર બનાવ્યા છે.

અમરોલી ખાતે સાયણ રોડ પર આવેલા 'શ્રી ગણેશ રેસીડેન્સી'માં રહેતા અને વરાછાના મારૂતી ચોક ખાતે બાલાજીનગર વિસ્તારમાં ભંગારની દુકાન ચલાવતા વિજયભાઈ બળદેવભાઈ પરમાર (ઉ.વ. ૩૮) મૂળ સુરેન્દ્રનગર જિલ્લાના ચુડા તાલુકાના ભગુપુર ગામના વતની છે. આજથી આશરે એક માસ અગાઉ તેમની દુકાન પર હાજરી દરમિયાન તેમના ભાઈ ધર્મેશભાઈના મોબાઈલ નંબર પર એક એક્ટિવા ગાડી (રજી. નં. GJ-05-UJ-4048) ના 'એમ-પરિવહન'ના ચલણ અંગેનો એક મેસેજ આવ્યો હતો. ચલણ ભરવાનું બાકી હોવાની શંકાથી વિજયભાઈએ તે મેસેજ પોતાના વોટ્સએપ નંબર પર ટ્રાન્સફર કરી લીધો હતો. જોકે, ફોનમાં લિંક ખોલીને જોતાં તેમાં કોઈ અધિકૃત 'એમ-પરિવહન' એપ્લિકેશન જણાઈ ન હતી, જેથી તેમણે તરત જ તે લિંક બંધ કરીને વોટ્સએપમાંથી ડિલીટ કરી નાખી હતી.

એક વખત કપાયેલા નાણાં પરત આવી ગયા હતા પરંતુ બાદમાં તેમના બેંક ઓફ બરોડાના ખાતામાંથી અન્ય બે એન્ટ્રીઓ દ્વારા રૂપિયા ૨૮,૭૯૯ અને રૂપિયા ૨૮,૭૭૯ મળીને કુલ રૂપિયા ૫૭,૫૭૮ કપાઈ ગયા હોવાનું ધ્યાને આવતાં વેપારીએ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી.

# ખોલવડની જમીન વેચાણના નામે ૯.૫૧ લાખની છેતરપિંડી

**ખોટા** પાવર અને વહીવટની વાતો કરી આઠ કરોડના સોદામાં ઠગોએ વરાછાના વેપારીને ચૂનો લગાવ્યો

સુરત : વરાછા વિસ્તારમાં રહેતા અને જમીનની દલાલી તથા લે-વેચનું કામ કરતા એક વેપારી સાથે ચોંકાવનારો ઠગાઈનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. વરાછા ખાતે કમલ પાર્કમાં રહેતા નિલેશભાઈ ધીરૂભાઈ વેકરીયા (ઉ.વ. ૪૫) સુરત તથા વડોદરા ખાતે જમીન લે-વેચ અને દલાલી કરે છે. એક વર્ષ અગાઉ તેમના ભાગીદાર આસિફ મુલતાની મારફતે તેમની મુલાકાત પ્રવિણસિંહ ભરતસિંહ રાઠોડ અને મોહમ્મદ ઇદ્રીશ મોહમ્મદ શફી શેખ સાથે થઈ હતી. આરોપી મોહમ્મદ ઇદ્રીશે પોતે બિલાલ ઈંટવાલાનો ભત્રીજો હોવાનું અને તેમની જમીનનો તમામ વહીવટ પોતાના હાથમાં હોવાનું જણાવીને કામરેજના ખોલવડ ગામની બ્લોક નં-૩૦૨૫ અને બ્લોક નં-૪૧ વાળી જમીન સસ્તાભાવે ।પવાની વાત કરીને વેચાણ સોદો કુલ રૂપિયા ૭.૪૮ કરોડ તથા ૧.૫૧ કરોડમાં નક્કી કરાવ્યો હતો અને દોઢ મહિનામાં જમીન માલિકની તરફેણમાં કોર્ટનો ઓર્ડર આવી જશે તેમજ તમામ ટાઇટલ ક્લીયર કરી આપવાની ખાતરી આપી ટોકન પેટે રૂપિયા ૫૧,૦૦૦ રોકડા તેમજ બાદમાં હપ્તાઓમાં કુલ રૂ. ૯,૫૧,૦૦૦ મોહમ્મદ ઇદ્રીશે લઈ લીધા હતા. બાદમાં ટાઇટલ ક્લિયર કરી આપ્યું નહીં અને સમાધાન કર્યા બાદ પણ નાણાં નહીં ચૂકવતા પોલીસ ફરિયાદ કરાઈ હતી.

# સ્મશાનભૂમિના નિયમોની વાયરલ પત્રિકા ખોટી છે

**અગ્નિસંસ્કારના** ફોટા અંગેની વાત ખોટી, કોઈ નવો સરકારી પરિપત્ર જાહેર થયો નથીઃ કમલેશ સેલર

સુરતઃ સુરત શહેરની સ્મશાનભૂમિઓમાં અગ્નિસંસ્કાર અને અન્ય વ્યવસ્થાઓને લગતા નિયમો અંગે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલી પત્રિકાને લઈને ગેરસમજ ફેલાઈ રહી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આ અંગે સ્પષ્ટતા કરતાં કુરુક્ષેત્ર સ્મશાન ભૂમિના પ્રમુખ કમલેશ સેલરે જણાવ્યું હતું કે, સ્મશાનભૂમિના નિયમો અંગે કોઈ નવો સરકારી પરિપત્ર જાહેર કરવામાં આવ્યો નથી અને વાયરલ પત્રિકામાં આપવામાં આવેલી માહિતી ભ્રામક છે. ટ્રસ્ટ દ્વારા લોકોને અપીલ કરવામાં આવી છે કે સ્મશાનભૂમિની વ્યવસ્થા અને નિયમો અંગેની કોઈપણ માહિતીના આધારે નિર્ણય લેતાં પહેલાં તેની સત્યતા ચકાસવી જોઈએ. કોઈએ આ નવા પરિપત્રના નામે ભરમાવવાની જરૂર નથી તેવું પણ કમલેશ સેલર દ્વારા જણાવાયું છે.

## વાયરલ થયેલી પત્રિકામાં જણાવેલા ચાર મુદ્દા

1) મૃતકનું અસલ આધારકાર્ડ અને તેની ઝેરોક્ષ નકલ.
2) અગ્નિદાહ આપનાર વ્યક્તિનું અસલ આધારકાર્ડ અને તેની ઝેરોક્ષ નકલ. 3) મૃતકનું ડોક્ટર દ્વારા આપવામાં આવેલું પ્રમાણપત્ર
4) ફોટાવાળું સ્મશાનભૂમિનું પ્રમાણપત્ર, જે સુરત મહાનગરપાલિકા (SMC)માંથી મેળવવાનું હોવાનું પત્રિકામાં જણાવાયું છે.

# સંક્ષિપ્ત સમાચાર

## 23મી TNAI ગુજરાત રાજ્ય કોન્ફરન્સનો પ્રારંભ થયો



સુરતઃ ટ્રેઇન્ડ નર્સિસ એસોસિયેશન ઓફ ઇન્ડિયા (TNAI)ના ગુજરાત ચેપ્ટર દ્વારા આયોજિત 23મી TNAI ગુજરાત રાજ્ય કોન્ફરન્સનો શુભારંભ અમદાવાદમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી પ્રફુલ પાનશેરીયાના હસ્તે કરવામાં આવ્યો હતો. આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ નર્સિંગ પ્રોફેશનલ્સને દયા, પ્રેમ અને કરુણાને કાર્યમંત્ર બનાવી દર્દીઓની સેવા કરવા આહવાન કર્યું હતું. સમારંભમાં ઇન્ડિયન મેડિકલ એસોસિયેશનના રાષ્ટ્રીય પ્રમુખ ડો.અનિલકુમાર જે. નાયક, TNAIના રાષ્ટ્રીય પ્રમુખ એજ્ઞી કુમાર અને TNAIના રાષ્ટ્રીય પ્રમુખ (વેસ્ટર્ન ઝોન) હિતેશ ભટ્ટે પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં. TNAI ગુજરાત સ્ટેટ બ્રાંચના જનરલ સેક્રેટરી ઇકબાલ કડીવાલાએ સ્વાગત પ્રવચન કર્યું હતું.

## વિદેશમાં લગ્ન કરવા ઇચ્છુક યુવાઓને એડ્વોકેટ પ્રીતિ જોશીએ માર્ગદર્શન આપ્યું



સુરતઃ ગુજરાત સ્ટેટ નોન-રેસિડેન્ટ ગુજરાતીઝ ફાઉન્ડેશન, ગાંધીનગર તથા NRG સેન્ટર, રાજકોટના સંયુક્ત ઉપક્રમે 'વિદેશમાં લગ્ન અંગે જાગૃતતા વિષય પર માર્ગદર્શન સેમિનારનું આયોજન તા. ૨૭ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ અર્પિત ગ્રુપ ઓફ સ્કૂલ એન્ડ કોલેજ, રાજકોટ-મોરબી હાઇવે, હડાળા, ખાતે કોલેજની વિદ્યાર્થીનીઓ માટે રાખવામાં આવ્યો હતો. સેમિનારના મુખ્ય વક્તા તરીકે ગુજરાત હાઇકોર્ટ તથા ભારતની સર્વોચ્ચ અદાલતનાં એડવોકેટ પ્રીતિ જોશીએ વિદેશમાં લગ્ન સંબંધિત કાયદાકીય બાબતો અંગે વિસ્તૃત અને માર્ગદર્શક વ્યાખ્યાન આપ્યું હતું. સૌરાષ્ટ્ર મેડીકલ એન્ડ એજ્યુકેશનલ ચેરીટેબલ ટ્રસ્ટનાં શ્રીમતી મીતલ કોટિયા શાહે જણાવ્યું હતું કે આ સેમિનારનો મુખ્ય ઉદ્દેશ વિદેશમાં લગ્ન કરવા ઇચ્છુક યુવક-યુવતીઓ તથા તેમના વાલીઓને લગ્ન પહેલાં રાખવાની આવશ્યક સાવચેતીઓ અંગે જાગૃત કરવાનો હતો. આ પ્રસંગે મામલતદાર ચૈતન્ય સંઘાણીએ આ પ્રકારની જાગૃતિપ્રેરક પહેલને શૈક્ષણિક સંસ્થા સુધી પહોંચાડવા માટે કાર્યક્રમને માર્ગદર્શ પૂરું પાડ્યું હતું.

## બેંક ઓફ ઈન્ડિયાનો Q2 ચોખ્ખા નફામાં 25%નો ઉછાળો

મુંબઈ: બેંક ઓફ ઈન્ડિયાએ 30 સપ્ટેમ્બર, 2026ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને અર્ધવાર્ષિક ગાળાનાં નાણાકીય પરિણામો જાહેર કર્યાં છે.જેમાં Q2FY27નો ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે 25.34% વધીને 3,202 કરોડ થયો. H1FY27નો ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે 30% વધીને 6,270 કરોડ થયો. Q2FY27નો ઓપરેટિંગ નફો 33.19% વધીને 5,089 કરોડ થયો. H1FY27નો ઓપરેટિંગ નફો 30% વધીને 10,140 કરોડ થયો. નેટ ઇન્ટરેસ્ટ ઇન્કમ (NII) 18.52% વધીને 7,007 કરોડ થઈ. નોન-ઇન્ટરેસ્ટ ઇન્કમ 24.78% વધીને 2,770 કરોડ થઈ. Q2FY27 દરમિયાન બેંકનો ROA (રિટર્ન ઓન એસેટ્સ) 1.01% અને ROE (રિટર્ન ઓન ઇક્વિટી) 16.36% થયો. વૈશ્વિક નેટ ઇન્ટરેસ્ટ માર્જિન (NIM) વાર્ષિક ધોરણે 6 બેસિસ પોઇન્ટ વધીને 2.47% થયું. કોસ્ટ ટુ ઇન્કમ રેશિયોમાં 507 બેસિસ પોઇન્ટનો સુધારો થયો અને તે 47.95% રહ્યો હતો.

## ભીવંડીના જૈન ભવનમાં નવપદની આયંબિલની ઓળીમાં 300 આરાધકો જોડાયા



ભીવંડીઃ શ્રી ગોકુળનગર નઝરાણા જૈન સંઘ ભીવંડીના જૈન ભવનમાં પ્રવચન પ્રભાવક જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજની પાવન નિશ્રામાં શ્રી નવપદ ભક્તિ મહોત્સવ અંતર્ગત શાશ્વતી નવપદની આયંબિલની ઓળીમાં 300 જેટલા આરાધકો જોડાયા હતા. આ તમામ તપસ્વીઓના પારણાંનો લાભ સંઘવી પારસમલજી કેવલચંદજી મુંથા પરિવાર જાલોરવાળાએ ભારે હર્ષોલ્લાસપૂર્વક લીધો હતો. જૈન સંઘ તરફથી પરિવારનું શાલ ઓઢાડીને કંકુ તિલકપૂર્વક બહુમાન કરવામાં આવ્યું હતું. આ પાવન અવસરે મંગલ આશીર્વાદ પૂર્વક પૂ. આચાર્યપ્રવર પદ્મદર્શનસૂરિજી મહારાજે તપધર્મ કરનારા તપસ્વીઓનું અભિવાદન કર્યું હતું અને તપોત્સવ અને પારણોત્સવ કરાવનારા પરિવારનું પણ અભિવાદન કર્યું હતું.

## રાજ્ય કક્ષાની હેલ્થકેર ઇનોવેશન ચેલેન્જ માટે ડૉ. નિશાંત તેજવાનીની નિષ્ણાત સમિતિમાં પસંદગી



સુરતઃ ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સ્ટેટ હેલ્થ સિસ્ટમ રિસોર્સ સેન્ટર (SHSRC-G) દ્વારા શિક્ષણ વિભાગ, ગુજરાત નોલેજ સોસાયટી તથા i-Hubના સહયોગથી રાજ્યકક્ષાની હેલ્થકેર ઇનોવેશન ચેલેન્જ યોજવાની પહેલ કરવામાં આવી છે. વાસ્તવિક અને વણઉકેલાયેલી આરોગ્યલક્ષી સમસ્યાઓ માટે નવીન ઉકેલો વિકસાવવાના આ અભિયાનમાં વિવિધ આરોગ્ય ક્ષેત્રોના નિષ્ણાતોની સમિતિ રચવામાં આવી છે. ફિઝિયોથેરાપી અને રિહેબિલિટેશન ક્ષેત્રના નિષ્ણાત તરીકે સરકારી ફિઝિયોથેરાપી કોલેજ, ન્યૂ સિવિલ હોસ્પિટલ, સુરતના લેક્ચરર ડો. નિશાંત તેજવાનીની નિષ્ણાત સમિતિના સભ્ય તરીકે પસંદગી કરવામાં આવી છે. તેઓ સમસ્યાઓની ઓળખ, સમીક્ષા, માર્ગદર્શન તથા મૂલ્યાંકનમાં યોગદાન આપશે.

## સુરતની યોગીતા પટેલે સ્ટેટ માસ્ટર એથ્લેટિક્સમાં ત્રણ મેડલ જિત્યા



સુરત : દેવગઢ બારીયા ખાતે ગુજરાત સ્ટેટ એથ્લેટિક એસોસિએશન દ્વારા આયોજિત 45મી ગુજરાત સ્ટેટ માસ્ટર એથ્લેટિક ચેમ્પિયનશિપ-2026માં સુરતનાં યોગીતાબેન પટેલે ત્રણ મેડલ જીતી શહેરનું ગૌરવ વધાર્યું છે. સુરત મહાનગરપાલિકા સંચાલિત ખુશાલભાઈ વનમાળીભાઈ પાલવાળા શાળા નંબર-319માં વ્યાયામ શિક્ષિકા તરીકે ફરજ બજાવતાં યોગીતાબેને 35થી 40 વર્ષના વયજૂથમાં ભાગ લીધો હતો. તેમણે હેમર થ્રોમાં ગોલ્ડ, શોટપુટમાં સિલ્વર અને જેવલિન થ્રોમાં બ્રોન્ઝ મેડલ જીતી કુલ ત્રણ ચંદ્રકો મેળવ્યા હતા.તેમની આ સિદ્ધિ બદલ શાળાનાં આચાર્ય કાજલબેન પટેલે અભિનંદન પાઠવ્યાં હતાં. સુરત એસોસિએશનના પ્રમુખ નીતિનભાઈ રાણા, મંત્રી ભરતભાઈ પટેલ અને ઉપપ્રમુખ કિશોરભાઈ પટેલે પણ યોગીતાબેનને શુભેચ્છા પાઠવી હતી.